RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 10 Issue No. 41 Date: 03.12.2023 Sunday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ૫ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ પ્રિ-વાયબ્રન્ટ સમિટ કાર્યક્રમ 'એક્સપોર્ટર્સ કોન્ફરન્સ'ને સંબોધિત કરશે



ગાંધીનગર,તા.૨

૧૦મી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૪ના પૂર્વાર્ધરૂપે, ૫ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ અમદાવાદ ખાતે 'એક્સપોર્ટએક્સીલરેટ: વિકસિત ભારત જ૨૦૪૭ માટે ભારતની નિકાસ ક્રાંતિ' ના થીમ પર એક્સપોર્ટર્સની કોન્ફરન્સ યોજાવા જઇ રહી છે.આ કાર્યક્રમમાં ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ગુજરાત સરકારના માનનીય ઉદ્યોગ, સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ, કુટીર, ખાદી અને ગ્રામોદ્યોગ, નાગરિક ઉડ્ડયન તેમજ શ્રમ અને રોજગાર મંત્રી બળવંતસિંહ રાજપૂત, માનનીય ઉદ્યોગ રાજયમંત્રી હર્ષ સંઘવી,સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ રાજયમંત્રી જગદીશભાઈ પંચાલ, ભારત સરકારના વરિષ્ઠ અધિકારીઓ તેમજ એક્સપોર્ટ ઈકોસિસ્ટમની ગણમાન્ય વ્યક્તિઓ ઉપસ્થિત રહેશે અને આ કાર્યક્રમમાં સંબોધન પણ કરશે.રસના ઈન્ટરનેશનલના ગ્રુપ ચેરમેન પિરુઝ ખંભાતા દ્વારા સ્વાગત પ્રવચન સાથે આ કાર્યક્રમની શરૂઆત થશે. ત્યારબાદ એક્સપોર્ટ્સ અંગે એક ઓડિયો-વિઝ્યુઅલ ફિલ્મ પ્રદર્શિત કરવામાં આવશે. ટાટા કેમિકલ્સ લિ.ના ગ્લોબલ બિઝનેસ કેમિકલ્સના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર અને પ્રેસિડેન્ટ ઝરીર લંગ્રાના અને ભારત સરકારના નીતિ આયોગના ટ્રેડ એન્ડ કોમર્સના સિનિયર એડવાઈઝર શ્રી સંજીત સિંઘ,આઈઆરએસ કાર્યક્રમમાં ઉપસ્થિત લોકો સમક્ષ પોતાના મંતવ્યો રજૂ કરશે. સીઆઈઆઈ ગુજરાત સ્ટેટ કાઉન્સિલના ચેરમેન અને હિટાચી હાઈરીલ પાવર ઈલેક્ટ્રોનિક્સ પ્રા.લિ.ના મેનેજિંગ ડાયરેક્ટર દર્શન શાહ દ્વારા આભારવિધિ કરવામાં આવશે.આ ઉપરાંત, કાર્યક્રમ દરમિયાન 'ડિજિટલ ટ્રેડ: લીવરેજિંગ ટેક્નોલોજીસ ફોર સીમલેસ એન્ડ બાઉન્ડ્રી-ફ્રી ટ્રેડ' વિષય ઉપર એક પ્લેનરી સેશન પણ આયોજિત થશે. આ સેશન દરમિયાન થનારી ચર્ચાઓમાં કેપીએમજી ઈન્ડિયાની ટેક્નોલોજી એડવાઈઝરીના ડાયરેક્ટર શ્રી ચિંતન મેહતા, અનુપમ રસાયણ ઈન્ડિયા લિ.ના મેનેજિંગ ડાયરેક્ટર આનંદ દેસાઈ, એનટીટી ગ્લોબલ ડેટા સેન્ટર્સના સિનિયર ડાયરેક્ટર સંદીપ દાંડેકર, ફેડરેશન ઓફ ઈન્ડિયન એક્સપોર્ટ ઓર્ગેનાઈઝેશનના ડાયરેક્ટર જનરલ અને સીઈઓ અજય સહાય, ભારત સરકારના નીતિ આયોગના વેપાર અને વાણિજ્ય તેમજ ઈન્ટરનેશનલ કોઓપરેશન એન્ડ સ્ટ્રેટેજિક ઈકોનોમિક ડાયલોગના ફેલો અને ભૂતપૂર્વ પ્રમુખ સલાહકાર અને વડા ડૉ. બદ્રીનારાયણ (પીએચડી) અને અરવિંદ લિ.ના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર શ્રી કુલીન લાલભાઈ હિસ્સો લેશે. કાર્યક્રમના સમાપન વખતે ગુજરાતના એડિશનલ ડીજીએફટી અને ફોરેન ટ્રેડના ડિરેક્ટોરેટ જનરલ વીરેન્દ્ર સિંઘ (આઈટીએસ),આઈડીબીઆઈ બેંકના ડેપ્યુટી મેનેજિંગ ડાયરેક્ટર સુરેશ ખતનહાર અને એસઆઈડીબીઆઈ બેંકના ડેપ્યુટી મેનેજિંગ ડાયરેક્ટ શ્રી સુદત્તા માંડલ દ્વારા 'એક્સપોર્ટ ફાઈનાન્સિંગ ઓપ્શન્સ ફોર માઈક્રો, સ્મોલ એન્ડ મિડિયમ એન્ટરપ્રાઈઝીસ: નેવિગેટિંગ ધ લેન્ડસ્કેપ્સ' (સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો માટે એક્સપોર્ટ ફાઈનાન્સના વિકલ્પો) વિષય પર પ્રેઝન્ટેશન આપવામાં આવશે. આ કાર્યક્રમમાં 'વિકસિત ભારત જ૨૦૪૭' માટે ગુજરાતના નિકાસ રોડમેપ અંગે ચર્ચા કરવા, તેની પરિકલ્પના કરવા અને ચાર્ટર બનાવવા માટે અનેક પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય અને વૈશ્વિક ઉદ્યોગ અગ્રણીઓ અને અન્ય સંબંધિત હિતધારકોની સહભાગિતા જોવા મળે તેવી અપેક્ષા છે.

## નરોડા પાટિયા પાસે થયેલી લાખો રુપિયાની ચીલ ઝડપની ઘટના સીસીટીવીમાં કેદ

અમદાવાદ,તા.૨

અમદાવાદમાં દિવસે દિવસે ચોરી અને લૂંટની ઘટનાઓમાં વધારો થતો જઈ રહ્યો છે. અમદાવાદના નરોડા પાટિયા પાસે રૂપિયા ૫ લાખની ચીલઝડપ થઈ છે. શુક્રવારે રાત્રે બનેલી ઘટનાના સીસીટીવી ફૂટેજ આવ્યા છે. જેમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે લૂંટારૂઓ કેવી રીતે ચીલઝડપ કરીને ફરાર થઈ જાય છે.ઘટના નરોડા પાટિયા પાસે આવેલી જીવનજ્યોતિ ગેસ એજન્સી પરની છે. જ્યાં જીવન જ્યોતિ ગેસ એજન્સીના માલિક રૂપિયા ભરેલો થેલો લઈને બહાર નીકળીને ટુ-વ્હીલર લઈને જવાની તૈયારી કરી રહ્યા હતા તે દરમિયાન પાછળથી બાઈક પર આવેલા બે શખ્સોએ તેમની પાસેથી થેલો આંચકી લીધો હતો અને ગણતરીની સેકન્ડોમાં રફૂચક્કર થઈ ગયા હતા..

## ચાઇનીઝ દોરી અને તુક્કલ વેચનારાઓની ખેર નથી, પોલીસ અત્યારથી જ છે એક્શન મોડમાં

અમદાવાદ,તા.૨

ઉત્તરાયણનો પર્વ ગુજરાતમાં ખૂબ જ ઉત્સાહપૂર્વક મનાવવામાં આવતો હોય છે. ઉત્તરાયણ માટે પતંગ અને દોરી બનાવવાની તૈયારીઓ અત્યારથી જ શરુ થઇ ગઇ છે. ત્યારે ઉતરાયણ પર્વમાં પ્રતિબંધિત વસ્તુ ન વેચાય તે માટે તંત્રએ પહેલાથી જ તૈયારીઓ ચાલુ કરી દીધી છે. રાજયના લો એન્ડ ઓર્ડર વિભાગના ડીજીએ મહત્વના આદેશ કર્યા છે.હવે ચાઈનીઝ દોરી અને ટુક્કલ સહિતની વસ્તુના વેચાણ પર કડક પ્રતિબંધ લગાવાયો છે. એનજીટીના આદેશ મુજબ વેપારીઓ આવી કોઈ પણ પ્રતિબંધિત વસ્તુ નહીં વેચી શકે.. જેને લઇ હ્યએ રાજયના તમામ કમિશનર તેમજ એસપીને પરિપત્ર જાહેર કર્યો છે અને સમયાંતરે દરોડા સહિત તપાસની સૂચના આપી છે. ઉતરાયણ પર્વને લઇ બજારમાં પ્રતિબંધિત વસ્તુ ન પહોંચે. તે માટે તકેદારી રાખવા આદેશ કર્યા છે. મહત્વનું છે કે વર્ષ ૨૦૨૨ની પીઆઈએલના નિકાલ સમયે હાઈકોર્ટે નવેમ્બરના અંત સુધી કાર્યવાહી કરવાના નિર્દેશ આપ્યા હતા.







ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા "શુભ યાત્રા, સ્વચ્છ યાત્રા" બેનર હેઠળ રાજયવ્યાપી સ્વચ્છતા અભિયાનનો પ્રારંભ માન. મંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી જીના વરદ હસ્તે ગાંધીનગર ખાતેથી થયો. જેમાં મેયરશ્રી હિતેશભાઈ મકવાણા ઉપસ્થિત રહ્યા હતા.એક મહિના સુધી ચાલનાર આ અભિયાન અંતર્ગત એસ.ટી.બસ ડેપો ખાતે વૃક્ષારોપણ, રક્તદાન શિબિર, સ્વચ્છતા કામગીરી અને તેને લગતા કાર્યક્રમો કરવામાં આવશે. આ અવસરે મેયરશ્રી એ જણાવ્યું હતું કે આવો, આપણે સૌ સાથે મળીને આ અભિયાનમાં જોડાઈએ અને આપણી એસ.ટી.ને સ્વચ્છતા માટે આદર્શ બનાવીએ.આ કાર્યક્રમમાં ધારાસભ્યશ્રી રીટાબેન પટેલ, શહેર અધ્યક્ષશ્રી રુચિરભાઈ ભટ્ટ, મહામંત્રીશ્રી ધર્મેન્દ્રસિંહ વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા.

## ગાંધીનગરના સેકટર - ૫માંથી ડભોડા પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલનું બાઈક ચોરાયું

ગાંધીનગરમાં એક પછી એક વાહનોની ચોરીના ગુના પોલીસ ચોપડે નોંધાઈ રહ્યા છે. એવામાં ખુદ પોલીસનું જ બાઈક ચોરાઈ જવાની ઘટના પ્રકાશમાં આવી છે. સેકટર - ૫ માં રહેતાં ડભોડા પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલનું બાઈક ચોરાઈ ગયું છે. ઘણી જગ્યાએ શોધખોળ કર્યા પછી પણ બાઈકનો ક્યાંય પત્તો નહીં લાગતાં આખરે હેડ કોન્સ્ટેબલને સેકટર - ૭ પોલીસમાં ફરિયાદ કરવાની નોબત આવી છે.

ગાંધીનગરમાં વાહન ચોરીની ઘટનાઓએ માઝા મૂકી દીધી છે. રોજબરોજ જાહેર સ્થળો તેમજ મકાન આગળ પાર્ક કરેલા વાહનો ચોરાઈ જતાં નગરજનો ત્રાહિમામ પોકારી ઉઠયા છે. તાજેતરમાં એસઆરપીનાં જવાનનું બાઈક ચોરાઈ ગયાની ફરિયાદ બાદ હવે હેડ કોન્સ્ટેબલને પણ વાહન ચોરોનો પરચો મળ્યો છે. જે મામલે સેકટર - ૭ પોલીસ મથકમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે.ગાંધીનગરના સેકટર - ૫/સી પ્લોટ નંબર - ૯૪૭/૧ માં રહેતાં તિવેન્દ્રસિંહ વિનોદસિંહ રાવ ડભોડા પોલીસ મથકમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવે છે. ગત તા. ૩૦મીની રાત્રીના હેડ કોન્સ્ટેબલે પોતાનું ૩૦ હજારની કિંમતનું બાઈક મકાનની પાસે આવેલ દિવાલ નજીક પાર્ક કરી મુકેલ હતુ. અને ઘરે જમીને સુઈ ગયા હતા.બીજા દિવસે એટલે કે ગઈકાલે સવારે આઠ વાગે હેડ કોન્સ્ટેબલે ઊઠીને જોતા બાઈક જોવા જોવા મળ્યું ન હતું. આથી તેમણે સેકટર - ૫ વિસ્તારમાં જુદી જુદી જગ્યાએ બાઈકની શોધખોળ આદરી હતી. તેમજ અન્ય સ્થળોએ પણ તપાસ કરવા છતાં બાઈકની કોઈ ભાળ મળી ન હતી.


## મતદારયાદીમાં નામ નોંધાવવાની તક, આગામી તા. ૦૩ અને ૦૯ ડિસેમ્બરના રોજ પણ યોજાશે ખાસ ઝુંબેશ દિવસ



મતદારયાદીને ક્ષતિરહિત બનાવવા તથા નવા મતદારોને સમયસર મતાધિકાર મળે તે માટે થયેલી કામગીરીની સમીક્ષા બેઠક જિલ્લા મતદાર યાદી ઓબ્ઝર્વર શ્રી કે.કે.નિરાલાના અધ્યક્ષ સ્થાને યોજાઇ

ગાંધીનગર જિલ્લાની પાંચ વિધાનસભા મતદાર વિસ્તારમાં મતદારયાદીને ક્ષતિરહિત બનાવવા તથા નવા મતદારોને સમયસર મતાધિકાર મળે તેવા ઉમદા આશયથી આજે જિલ્લાના મતદાર યાદી ઓબ્ઝર્વર અને મહિલા અને બાળ કલ્યાણ વિભાગના સચિવ શ્રી કે.કે.નિરાલાના અધ્યક્ષ સ્થાને મતદારયાદીની ખાસ સંક્ષપ્તિ સુધારણા કાર્યક્રમ ૨૦૨૪ અંતર્ગત થયેલ કામગીરીની સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર શ્રી હિતેષ કોયા પણ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં ગાંધીનગર જિલ્લાના મતદાર યાદી ઓબ્ઝર્વર શ્રી કે.કે.નિરાલાએ જણાવ્યું હતું કે, ૧૮ થી ૧૯ વર્ષના મતદારો પોતાના મતાધિકારથી વંચિત ન રહે તે માટે આગામી તા. ૦૩ ડિસેમ્બર અને તા. ૦૯મી ડિસેમ્બરના રોજ ખાસ મતદાર યાદીમાં નામ નોંઘણી માટે ખાસ ઝુંબેશ યોજવામાં આવશે. આ ઝુંબેશમાં યુવા મતદારો મતદારયાદીમાં નામ નોંઘણીમાંથી રહી ન જાય તેવું સુચારું આયોજન કરવા ભારપૂર્વક જણાવ્યું હતું. જિલ્લાના મતદાર યાદી ઓબ્ઝર્વર શ્રી કે. કે. નિરાલાએ તમામ મતદાર વિસ્તારના એ.આર.ઓ. પાસેથી યુવા મતદારોની નોંઘણી માટે કરેલી કામગીરીની સમીક્ષા કરી હતી. તેમણે યુવા મતદારોના વઘુમાં વઘુ નામ નોંઘાય તે માટે કોલેજ અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓ કે જયાં આ મતદારો અભ્યાસ અર્થે આવે છે. ત્યાં આગળ સ્થાનિક બી.એલ.ઓ.નું નામ અને નંબર લગાડવા માટેનું સૂચન કર્યું હતું. આ કાર્ય કરવાથી યુવા મતદારોને શું અનુકળતા રહેશે.

## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સિંગાપોરમાં માઈક્રોન પ્લાન્ટની મુલાકાતે



સાણંદમાં સ્થપાનારા માઈક્રોન પ્લાન્ટ અંગે માઈક્રોન ફેસેલિટીના વરિષ્ઠ અગ્રાણીઓ સાથે ચર્ચા-વિમર્શ કરી વિગતો મેળવીમુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સિંગાપોર પ્રવાસના બીજા અને અંતિમ દિવસે માઈક્રોનના સિંગાપોર સ્થિત એસેમ્બલી અને ટેસ્ટિંગ પ્લાન્ટની મુલાકાત લીધી હતી.મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ ગુજરાત ડેલીગેશન સાથે શનિવારે સવારે આ પ્લાન્ટમાં પહોંચ્યા હતા અને પ્લાન્ટ વિઝીટ કરી હતી. મુખ્યમંત્રીશ્રીની આ મુલાકાત દરમિયાન માઈક્રોનના વરિષ્ઠ અધિકારીઓએ મેન્યુફેક્ચરિંગ પ્રોસેસની સમજ આપી હતી.માઈક્રોન દ્વારા ગુજરાતના સાણંદમાં જે સેમિકન્?ડકટર પ્રોડકશન પ્લાન્ટ સ્થાપવામાં આવી રહ્યો છે તેના સંદર્ભમાં પણ વરિષ્ઠ અધિકારીઓએ મુખ્યમંત્રીશ્રીને અને ગુજરાત ડેલિગેશનને વિગતો આપી હતી.મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ભારતમાં એકમાત્ર ગુજરાતે પોતાની અલાયદી સેમિકન્ડક્ટર પોલિસી બનાવી છે તેની વિગતો આ સિંગાપોર પ્લાન્ટ મુલાકાત દરમિયાનની વાતચીતમાં આપી હતી.અત્રે નિર્દેશ કરવો જરૂરી છે

તંત્રી લેખ......

# પ્રગતિના પંથે

ભારત હવે પ્રગતિના પંથે આગળ વધી રહ્યું છે, ત્યારે લોક કલ્યાણની યોજનાઓ જ નહીં, પરંતુ તેના મૂડીવાદી સ્વરૂપનો પણ વિસ્તાર થઈ રહ્યો છે. કેન્દ્રીય મંત્રીમંડળે વડાપ્રધાન ગરીબ કલ્યાણ અન્ન યોજનાને ૧ જાન્યુઆરી, ૨૦૨૪થી પાંચ વર્ષ સુધી વધારવાની જાહેરાત કરી દીધી, ત્યાં જ ભારતના મુખ્ય શેરબજારનો પૂંજી આકાર ચાર ટ્રિલિયન ડોલરના આંકડાને પાર કરી ગયો. પહેલાં વાત કરીએ વડાપ્રધાન ગરીબ કલ્યાણ અન્ન યોજનાની, આ યોજના પર સરકાર આગામી પાંચ વર્ષોમાં કુલ ૧૧.૮૦ લાખ કરોડ રૂપિયા ખર્ચ કરશે. ચિહ્નિત પરિવારોને મફત અનાજ મળતું રહેશે. વાસ્તવમાં, આ મફત અનાજ યોજનાના ટીકાકાર પણ ઘણા છે, જે નથી ઈચ્છતા કે આ યોજના ચાલે, પરંતુ સ્વાભાવિક રૂપે આવી લોકરંજક યોજનાને શરૂ કર્યા બાદ બંધ કરવી આસાન નથી. એક મોટી આબાદી એવી છે જેને આ યોજનાથી લાભ થયો છે અને તેને ચાલુ રાખવામાં સરકારને પણ કોઈ ખાસ વાંધો નથી આવતો, એટલે આગામી પાંચ વર્ષ માટે આ યોજનાને ભારતીય લોકકલ્યાણ યોજનાઓમાં પ્રમુખતાથી સામેલ માનવામાં કોઈ વાંધો નથી. જોકે તેના લાભાર્થીઓના દાયરાને ક્રમશઃ ઘટાડવો જોઈએ. ધ્યાન રહે, જ્યારે આપણે આ યોજનાનો પ્રચાર કરીએ છીએ, ત્યારે એ પણ જણાવીએ છીએ કે ૮૧ કરોડ લોકો તેનો લાભ લે છે, તેનાથી દુનિયામાં એ ધ્વનિ જાય છે કે ભારતના મોટાભાગના લોકો ગરીબ છે અને તેમને મફત અનાજની જરૂર છે. જો સરકાર જરૂરિયાતમંદ લોકોને જ આ લાભ આપે અને અનાજનો તેમનો હિસ્સો વધારી દે તો આ યોજના વધુ કારગત કહેવાશે. કોઈ યોજનાને ચાલુ રાખવી સારી વાત છે, પરંતુ સમય સાથે તેના લ-યને પણ વધારે નિર્દિષ્ટ કરતા જવું જોઈએ, જેથી એ આભાસ સતત થાય કે ભારતમાં મફત અનાજ મેળવનારાની સંખ્યા ઘટી રહી છે. ધ્યાન રાખવું જોઈએ કે આ યોજના ૨૦૨૦માં કોરોના મહામારી દરમ્યાન રાહત ઉપાય રૂપે શરૂ કરવામાં આવી હતી અને હવે તે મહામારી વીતી ગઈ છે.કેન્દ્રીય મંત્રીમંડળનો બીજો પણ એક નિર્ણય ધ્યાન ખેંચે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મંત્રીમંડળે ૨૪,૧૦૪ કરોડ રૂપિયાના કુલ ખર્ચની સાથે વડાપ્રધાન જનજાતીય આદિવાસી ન્યાય મહાઅભિયાન (પીએમ જનમન)ને મંજૂરી આપી છે. આ યોજનાથી દેશમાં લગભગ ૧૧ કરોડની આબાદીવાળા જનજાતીય સમૂહોના વિકાસને બહુ બળ મળશે. હવે વાત દેશને મળી રહેલ પૂંજીગત મજબૂતીની. દેશના મુખ્ય શેરબજાર બીએસઈમાં લીસ્ટેડ તમામ કંપનીઓનું સંયુક્ત બજાર મૂલ્ય બુધવારે પહેલી વાર ચાર ટ્રિલિયન ડોલર સુધી પહોંચી ગયું. જો ભારતીય મુદ્રામાં વાત કરીએ તો તે ૩,૩૩૩ ખર્વ રૂપિયા જેટલું થઈ ગયું છે. વિદેશી રોકાણકારોની સાથે જ દેશી રોકાણકારોનો પણ વિશ્વાસ જીતતાં આપણે આગળ વધી રહ્યા છીએ. ઉલ્લેખનીય છે ચાર ટ્રિલિયન અમેરિકી ડોલરથી વધુ બજારમૂડીવાળા શેરબજાર દુનિયામાં ચાર જ છે. અમેરિકા, ચીન, જાપાન અને હોંગકોંગ અને હવે ભારત પણ મૂલ્યવાન દેશોમાં સામેલ થઈ ગયું છે.

# પ્રકૃતિ પ્રેમી સાપુતારાના પર્યટકો માટે ઉભુ કરાયુ “વન કવચ” નુ આકર્ષણ




**★સાપુતારા ખાતે મંત્રી શ્રી મુકેશભાઇ પટેલે “વન કવચ”નું લોકાર્પણ કર્યુ :★**

**★એક હેક્ટર વિસ્તારમા ૭૦ જાતના કુલ દસ હજાર વૃક્ષોનુ વાવેતર કરાયુ :★**

**★મંત્રીશ્રીએ સાપુતારા ખાતે લોગહટનુ પણ લોકાર્પણ કર્યુ :★**

ડાંગ જિલ્લાના પ્રવાસે આવેલા રાજય મંત્રી શ્રી મુકેશભાઇ પટેલ (વન અને પર્યાવરણ, કલાઈમેટ ચેન્જ, જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ) એ ગિરિમથક સાપુતારા ખાતે પ્રકૃતિને માણવા આવતા પર્યટકો માટે નવા નજરાણા ધરાવતા “વન કવચ” નું લોકાર્પણ કર્યુ હતુ. વૃક્ષોના જતન સંવર્ધન માટે “વન કવચ” એ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ડ્રીમ પ્રોજેકટ પૈકીનો એક મહત્વનો ભાગ છે. ટુક સમયમાં ઝડપથી અને ખાસ કરીને પ્રવાસન કે અર્બન એરીયામાં વન ઉભું કરી શકાય તે માટે જાપાનીસ, મિયાવાકી પદ્ધતિનો ઉપયોગ કરીને “વન કવચ” તૈયાર કરવામા આવે છે. જેમા મિયાવાકી પદ્ધતિનો ઉચ્ચસ્તરીય, મધ્યમસ્તરીય અને નિમ્નસ્તરીય એવી રીતે વૃક્ષોની જાતો પસંદ કરીને તેનુ વાવેતર કરવામાં આવે છે. અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી અને હેડ ઓફ ધી ફોરેસ્ટ ફોર્સ, ગુજરાત રાજય, ગાંધીનગરની સુચના મુજબ દક્ષિણ ડાંગ વન વિભાગની શામગહાન રેંજમા આવતા ગિરિમથક સાપુતારા ખાતે, ઈકો પોઈન્ટ પાસે “વન કવચ” બનાવવામા આવ્યુ છે.


આ “વન કવચ”નો કુલ હેક્ટર વિસ્તાર ૧.૦૦ છે. આ વિસ્તારમા કુલ-૧૦૦૦૦ રોપાનુ વાવેતર કરવામાં આવ્યુ છે. તેમા કુલ-૭૦ જેટલી વૃક્ષોની જાતોનું વાવેતર કરેવામા આવ્યુ છે. અહિં લોકો સહેલાઈથી ફરી શકે તે માટે વન કેડી પણ બનાવવામાં આવી છે. તથા ગજેબો પણ તૈયાર કરાયો છે.સાપુતારા “વન કવચ” થી અહિં તળાવના ખુબ જ આહલાદક દ્રશ્ય નજરે પડે છે. “વન કવચ”ના વૃક્ષો અંગે લોકોની સમજ માટે નકશા સાથે ટુંકી નોંધણી તકતીઓ પણ મુકવામા આવી છે. ટુંક સમયમાં ઝડપથી ખુલ્લા વિસ્તારને વન વિસ્તારમાં ફેરવી શકાય, અને નાના નાના વનો થકી વન ગીચતામાં વધારો કરી શકાય તે હેતુ થી “વન કવચ”નુ વાવેતર ખુબ જ સફળકારક છે. સાપુતારાના પર્યટકો માટે ડાંગ વન વિભાગ દ્વારા “વન કવચ” નુ નવુ આકર્ષણ ઉભુ કરવામા આવ્યુ છે. જેથી લોકોમા વન વિશે જાગૃતિ અને વનો વિષે લોકોમા જાણવાની કુતુહલતા વધારવા માટેનો છે. અહી “વન કવચ” ફળાઉ વૃક્ષો તથા બીજા પતંગીયા આકર્ષાય તેવા ફુલોનું પણ વાવેતર કરવામા આવ્યુ છે. આ “વન કવચ” થકી જૈવ વિવિધતામાં વધારો થશે, અને પક્ષીઓ માટે નવુ આશ્રય સ્થાન બનશે.‘વન કવચ‘ ઉપરાંત મંત્રી શ્રી મુકેશભાઇ પટેલે સાપુતારા ખાતે વલસાડી સાગીના લાકડામાંથી બનેલા લોગહટનુ પણ લોકાર્પણ કર્યુ હતુ. વર્ષ ૧૯૭૯-૮૦મા બનેલુ આ લોગહટ જર્જરીત થવાના કારણે તેનુ રીનોવેશન કરવામા આવ્યુ હતુ. લોગહટ જે હેરીટેજની ભવ્યવતા જળવાઇ રહે તે માટે વન વિભાગ દ્વારા ફરીથી તેનુ રીનોવેટ કરવામા આવ્યુ હતુ.આ પ્રસંગે વિધાનસભા નાયબ દંડક શ્રી વિજયભાઈ પટેલ, ડાંગ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી નિર્મળાબેન ગાઈન, માજી પ્રમુખ શ્રી મંગળભાઈ ગાવિત, ડાંગ જિલ્લા ભાજપા પ્રમુખ શ્રી કિશોરભાઇ ગાવિત, સામાજીક આગેવાન શ્રી સુભાષભાઇ ગાઇન સહિત અગ્ર મુખ્ય વન સંરક્ષક શ્રી એસ.કે.ચતુર્વેદી, મુખ્ય વન સંરક્ષક (વલસાડ વન વર્તુળ) શ્રી મનેશ્વર રાજા, દક્ષિણ ડાંગના નાયબ વન સંરક્ષક શ્રી રવિ પ્રસાદ, મદદનીશ વન સંરક્ષક સુશ્રી આરતી ડામોર, વિવિધ રેંજના આર.એફ.ઓ. તેમજ વન કર્મીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ૩ ડિસેમ્બર, “વિશ્વ વિકલાંગ(દિવ્યાંગ) દિવસ”

વિકલાંગ(દિવ્યાંગ) વ્યક્તિઓને સમાન તક આપવા અને તેમના અધિકારોની અનુભૂતિ કરાવવા માટે દર વર્ષે ૩ ડિસેમ્બરે “વિશ્વ વિકલાંગ(દિવ્યાંગ) દિવસ” મનાવવામાં આવે છે. વિકલાંગ(દિવ્યાંગ) વ્યક્તિઓનાં માનવ અધિકારો, સ્થાયી વિકાસ તેમજ વાસ્તવિક જીવનમાં સહાયતા અપાવવા માટે આ દિવસને મનાવવામાં આવે છે. આ ઉપરાંત આ દિવસનો હેતુ રાજકીય, સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક જીવનનાં દરેક પાસામાં વિકલાંગ(દિવ્યાંગ) વ્યક્તિઓની પરિસ્થિતિ વિશે જાગરૂકતા વધારવાનો છે.

ક્યારેક સમાજમાં થતી આવા વ્યક્તિઓની અવગણના અને તેમના પ્રત્યે લઘુતા ગ્રંથિ રાખવામાં આવે છે જે એક સભ્ય સમાજ ધરાવતા દેશ માટે સારી બાબત ન કહેવાય. વળી ક્યારેક તેમનાં પ્રત્યે વધુ પડતી દયા જતાવીને તેમને અકળાવી મારવામાં આવે છે. આવી બાબતો પર અંકુશ લગાવવા માટે આ દિવસ ખાસ મહત્ત્વ ધરાવે છે. આજે એક યુવાન દેશ ગણાતા ભારતમાં કેટલાંય યુવાનો છે, સ્કીલ ઈન્ડીયા અને મેક ઈન ઈન્ડીયા દ્વારા સરકાર યુવાનો માટે નવી નવી રોજગારીની તકો ઉભી કરવાનો સતત પ્રયાસ કરી રહી છે, પરંતુ કોણ જાણે એવું તો શું છે કે એક વિદ્યાર્થી પોતાની અણઆવડતો માટે કાયમ બીજાને દોષ આપતો રહે છે. છેલ્લે પોતાનાથી ન થયેલા કામ કે પોતે ન કરવા માંગતા કામનાં દોષનો ટોપલો ઢોળવા કોઈ ન મળે તો અંતે મારી તો કિસ્મત જ ખરાબ છે એવું કહીને પોતાનું મન મનાવતો રહે છે. હાથે કરીને સમય અને પ્રયત્નો કરવા માટેનો ચાન્સ બગાડવા પાછળ આ એક બહુ મોટું બહાનું મળી રહે છે. વળી આળસ અને કામ ન કરવાની પરાકાષ્ઠા તો કાયમની સમસ્યા રહેવાની જ. આજની યુવા પેઢી એક એવી પેઢી છે જેને ઊંઘ કરવી તો ખુબ ગમે છે પણ સમયસર સુઈ જવું નથી. એવી જ રીતે તેનામાં આવડત અને ક્યાંક જ્ઞાન પણ હોય છે, પરંતુ તેને સાચી દિશામાં ઈસ્તેમાલ કરવું કે કામ કરવું ગમતું નથી ત્યારે સ્ટીફન હોકિંગ, હેલન કેલર જેવા મહાનાયકો તેમજ ભારતીય મૂળનાં સુધા ચંદ્રન, એચ રામક્રિશ્ન, અરુણીમાં સિન્હા જેવી મહાન વ્યક્તિઓને કે જેમને પોતાના અંગોમાં કોઈ તકલીફો હતી છતાં પણ તેઓએ સફળતાનાં શિખરોને સર કર્યા છે. તેમના ઉદાહરણો લઈને પ્રેરણા મેળવવી જોઈએ અને જીવનમાં નાની મોટી મુશ્કેલીઓ આવે તો હિંમત ન હારવી જોઈએ. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજીએ પણ વિકલાંગ વ્યક્તિઓને “દિવ્યાંગ” તરીકે સંબોધીને ખુબ માન સન્માન આપ્યું છે અને કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકારો પણ દિવ્યાંગો માટે, તેમની મદદ કરવા વિવિધ યોજનાઓ ઘડી રહ્યા છે, તેમને સન્માન આપી રહ્યા છે. દિવ્યાંગ વ્યક્તિઓ સમાજનો જ એક ભાગ છે માટે તેમને કાયમ સમાન અને સન્માનની દ્રષ્ટીએ જ જોવા જોઈએ તેમજ અન્યોની સામે વર્ણવવા જોઈએ અને માણસ જ્યારે સંપૂર્ણ સ્વસ્થ અને હુષ્ટપુષ્ટ જ હોય ત્યારે એણે પોતાના કાર્યો પ્રત્યે મનથી વિકલાંગ કે પાંગળું ન જ થવું જોઈએ.

# દેવાધીદેવ સોમનાથ મહાદેવ ખાતે દર્શન તેમજ પૂજન અર્ચન કરી ગુજરાત તથા સમગ્ર દેશ બાંધવોના કલ્યાણ માટે પ્રાર્થના કરતા કેન્દ્રીય ગૃહ તેમજ સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહ



----------

**જૂનાગઢ ખાતે ‘દિવ્યકાંત નાણાવટી ભૂલાય તે પહેલા‘ સ્મૃતિ ગ્રંથનું લોકાર્પણ કરતા શ્રી અમિતભાઈ શાહ**

----------

**પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના શાસનકાળમાં યોગ્યતા ધરાવતા છેવાડાના વ્યક્તિઓને રાષ્ટ્રીય પુરસ્કારોથી સન્માનિત કરવાનું કાર્ય થયું હોવાનું જણાવતા શ્રી અમિતભાઈ શાહ**

----------

**આ પુસ્તક સમગ્ર ગુજરાતમાં સાર્વજનિક જીવનમાં કામ કરતા વ્યક્તિઓ માટે નવી દીવાદાંડી સમાન સાબિત થશે તેવો વિશ્વાસ વ્યક્ત કરતા શ્રી અમિતભાઈ શાહ**

-----------

**કરેલું કાર્ય એવો ટમટમતો દીવડો છે કે જેની વાટ અને તેલ હંમેશા કોઈક પુરતું જ રહે છે અને હંમેશા પ્રજવલિત રહે છે.- શ્રી અમિતભાઈ શાહ**

ગાંધીનગર લોકસભા ભાજપા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, ગાંધીનગર લોકસભા ક્ષેત્રના લોકપ્રિય સાંસદ તેમજ કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહે આજરોજ ગુજરાત સ્થિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સોમનાથ મહાદેવ મંદિર ખાતે દર્શન અને પૂજન અર્ચન કરી ગુજરાત તેમજ સમગ્ર દેશવાસીઓના કલ્યાણ માટે પ્રાર્થના કરી હતી. બાદમાં તેઓએ જૂનાગઢ ખાતે કુશળ રાજનીતિજ્ઞ અને ધારાશાસ્ત્રી સ્વ. દિવ્યકાંત નાણાવટીજીના જન્મ શતાબ્દી વર્ષ નિમિત્તે આયોજિત સ્મૃતિ પર્વ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી ‘દિવ્યકાંત નાણાવટી ભૂલાય તે પહેલા‘ સ્મૃતિ ગ્રંથનું લોકાર્પણ કર્યું હતું.

આ તકે સંબોધન કરતાં કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, શ્રી દિવ્યકાંત નાણાવટી અમારી અગાઉની પેઢીના રાજનીતિજ્ઞ હતાં, જેથી તેમની સાથે મારો વિશેષ વ્યક્તિગત અનુભવ નથી પરંતુ જે સમાજ માટે જીવતા હોય, બીજા માટે કાંઈ કરી છૂટવાની ભાવના ધરાવતા હોય તેવા વ્યક્તિએ કરેલા કાર્યો અને અનુભવો ક્યારેય કાલબાહ્ય નથી રહેતા. મરણ અને સ્મરણ વચ્ચે અડધા સ નોજ તફાવત છે પરંતુ મરણ પછી પણ લોકોના સ્મરણમાં રહેવું હોય તો જીવનની દરેક પળને લોકો માટે જીવવી પડે છે. કરેલું કાર્ય એવો ટમટમતો દીવડો છે કે જેની વાટ અને તેલ હંમેશા કોઈક પુરતું જ રહે છે અને હંમેશા પ્રજવલિત રહે છે.

શ્રી શાહે જણાવ્યું હતું કે, રૂપાયતન સંસ્થાને અભિનંદન પાઠવું છું કે જેઓએ એવા સમયે આ સુંદર પુસ્તકનું પ્રકાશન કર્યું છે કે જ્યારે નવી પેઢીમાં રાજનીતિજ્ઞ કેવા હોય તે અંગે ચીલો ચીતરવાનો સમય છે. આ પુસ્તક જુનાગઢ અને ગુજરાતના સાર્વજનિક જીવનમાં કામ કરનારા વ્યક્તિઓ માટે નવી દીવાદાંડી સમાન સાબિત થશે તેવો મને સંપૂર્ણ વિશ્વાસ છે. શ્રી દિવ્યકાંત નાણાવટીએ નગરપાલિકાના અધ્યક્ષ તરીકે તે સમયની વિષમ પરિસ્થિતિ વચ્ચે દાતારની જગ્યાના વિવાદને સુલઝાવવાનું કાર્ય, જૂનાગઢના સ્મશાનની જગ્યાનું અધિગ્રહણ કરીને ચિરસ્મરણીય બનાવવાનું કામ, વેલિંગ્ટન ડેમના બ્યુટીફિકેશન તેમજ શ્રી મોરારજી દેસાઈના હસ્તે શ્રી સરદાર પટેલની પ્રતિમાનું અનાવરણ કરવાનું કાર્ય સહિત આટલા વર્ષો પહેલા પાકા રોડ અને સ્ટ્રીટલાઈટનું કામ દૂરંદેશીતા સાથે તેમની અધ્યક્ષતામાં કર્યું છે. તેઓ સળંગ બે વખત ધારાસભ્ય બન્યા તેમજ રાજ્યના કાયદા અને ન્યાય વિભાગના મંત્રી તરીકે તેઓએ કેવળ જુનાગઢ જ નહી પરંતુ ગુજરાત સમગ્ર ગુજરાતના જાહેર જીવનમાં પોતાનું યોગદાન આપ્યું છે.

શ્રી અમિતભાઈ શાહે કોંગ્રેસ પર પ્રહારો કરતાં કહ્યું હતું કે, કોંગ્રેસ પક્ષે મને ઝૈમ્નો કેસ કરી જેલમાં નાંખ્યો હતો ત્યારે ૫ મિનિટ પહેલા હું જેલનો મંત્રી હતો અને ૫ મિનિટ પછી કેદી હતો.આ પછી મારો આ કેસ નિરુપમભાઈ લડ્યા અને જીતવામાં મદદ કરી હતી. નિરૂપમભાઈએ કહ્યું, અમારા લોકોએ તમને ખોટી રીતે ફસાવ્યા‘. એમનો આ એપ્રોચ પ્રોફેશનાલીઝમનું ઉત્તમ ઉદાહરણ છે. શ્રી નરસિંહ મહેતાનું સ્મરણ કરતા શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, તેઓએ તેમનું આખું જીવન સાહિત્યને સમર્પિત કર્યું, તેમના જેવા ઉત્કૃષ્ટ સાહિત્યકાર મળવા અસંભવ છે. આપણા પ્રાચીન વેદો અને ઉપનિષદોના જ્ઞાનને સરળ ભાષામાં જનતા સમક્ષ મુકવાનું કામ શ્રી નરસિંહ મહેતાએ કર્યું. તે જમાનામાં નાગરોમાં જન્મ લીધા પછી અસ્પૃશ્યતાની વિરુદ્ધમાં સામાજિક સમરસતા માટે આ રીતે જો કોઈ કામ કરી શકે તે નરસૈયો જ કરી શકે. પત્નીના મૃત્યુના દિવસે ‘ભલું થયું ભાગી જંજાળ, સુખે ભજીશું શ્રી ગોપાલ’નો ઉદ્ગાર નરસિંહ મહેતા જ કરી શકે.

શ્રી શાહે કહ્યું કે, આજે સૌરાષ્ટ્ર અને ગુજરાતની જૂની પેઢીની કળાને આગળની પેઢી સુધી પહોંચાડનાર શ્રી ભીખુદાન ગઢવીજીને સાંભળવાનો લ્હાવો મેળવી આનંદની લાગણી અનુભવું છું. તેઓ કાગબાપુ અને આજની સાહિત્યકારોની પેઢી વચ્ચેનો સેતુ છે. આપણા શ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રથમ વખત પ્રધાનમંત્રી બન્યા ત્યારે પ્રથમ જ યાદીમાં શ્રી ભીખુદાન ગઢવીને તેમના અમૂલ્ય યોગદાન બદલ પદ્મશ્રી થી પુરસ્કૃત કરવાનું કાર્ય કર્યું. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના શાસનકાળમાં ગુજરાતથી ઓરિસ્સા તેમજ કાશ્મીર થી કન્યાકુમારી સુધી સાચી યોગ્યતા ધરાવતા વ્યક્તિઓ કે જે છેવાડાના વિસ્તારના હોય તેઓને પણ પદ્મશ્રી સહિતના રાષ્ટ્રીય પુરસ્કારોથી સન્માનિત કરવાનુંકાર્ય થયું છે.

શ્રી શાહે જણાવ્યું હતું કે, રૂપાયતન સંસ્થા પણ ૭૫ વર્ષથી સમાજ જીવનના અનેક આયામોમાં સુંદર કાર્ય કરતી આવી છે ગુજરાતની શ્રેષ્ઠ આશ્રમશાળા, દિલ્હી બાળભવન સહિતના અનેક કાર્યો સાથે તે જોડાયેલ છે. આજના આ સુંદર કાર્યક્રમનું આયોજન માટે અને આમંત્રિત કરવા બદલ શ્રી શાહે આભાર સહ શુભેચ્છાઓ પાઠવી હતી. આ કાર્યક્રમમાં રાજય સરકારના પૂર્વ મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, રાજયસભાના સાંસદ શ્રી પરિમલ નાથવાણી, રૂપાયતન સંસ્થાના ઉપાધ્યક્ષ ડૉ. કમલેશભાઈ જોશીપૂરા, પદ્મશ્રી ભીખુદાન ગઢવી, શ્રી નિરુપમ નાણાવટી સહિતના અગ્રણીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતાં

# એનિમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડિયાનાં સભ્ય અને સમસ્ત મહાજનનાં મેનેજીંગ ટ્રસ્ટી ગિરીશ શાહને ભારત સરકારનાં જળ શક્તિ મંત્રાલય દ્વારા ‘જળ પ્રહરી સન્માન’ પ્રદાન કરાશે

સમસ્ત મહાજન વૈશ્વિક સ્તરે જળ, જંગલ, જમીન, પ્રાણીઓની સુખાકારી માટે પ્રયત્નશીલ રહે છે. ૧૯૯૬નાં દાયકાના અંતમાં, ચમત્કાર જેવી ઘટનાએ ગિરીશભાઈનાં જીવનનો માર્ગ બદલી નાખ્યો. ગિરીશભાઈને ત્રણ જૈન સાધુઓએ જુદા જુદા પ્રસંગે ગૌરક્ષા અને પશુ કલ્યાણ ક્ષેત્રે પોતાનું યોગદાન આપવાની સલાહ આપી. સમસ્ત મહાજને ઓગસ્ટ, ૨૦૦૨માં કામ કરવાનું શરૂ કર્યું હતું. સમસ્ત મહાજનનાં મેનેજિંગ ટ્રસ્ટી ગિરીશભાઈ શાહે એક સૂત્ર સાથે આગળ વધવાનું શરૂ કર્યું, ×સેવા અને રક્ષણ કરો×. ૨૨ વર્ષથી વધુ સમયથી સમસ્ત મહાજન પશુ કલ્યાણ, પર્યાવરણ સંરક્ષણ, ગ્રામીણ વિકાસ, માનવ કલ્યાણ, સ્વચ્છતા અભિયાન, કુદરતી આપત્તિઓ દરમિયાન રાહત વગેરે જેવા વિવિધ સામાજિક કાર્યો તરફ અથાગ મહેનત કરી રહ્યું છે. ગિરીશભાઈ શાહ વર્તમાન સમયમાં જીવનનો મહતમ સમય જીવદયા, ગૌસેવા, માનવસેવા, શાકાહાર પ્રચાર પ્રસાર સહિતની પ્રવૃતિઓમાં વ્યસ્ત રહે છે. આવા માનવતાવાદી હેતુ માટે ગિરીશભાઈના નોંધપાત્ર યોગદાનને સમાજ દ્વારા ખૂબ જ પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. તેમને અને સમસ્ત મહાજનને જીવદયા રત્ન, પર્યાવરણ સંરક્ષણના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ યોગદાન માટે ઈન્દિરા પ્રિયદર્શીની વૃક્ષમિત્ર એવાર્ડ, આચાર્ય ચાણક્ય – ૨૦૨૦ સહિત અનેક પુરસ્કારો એનાયત કરવામાં આવ્યાં છે. વર્તમાન સમયમાં જળસમસ્યા દિન પ્રતિદિન વિકટ સ્વરૂપ ધારણ કરી રહી છે, ત્યારે જળવ્યવસ્થાપન પણ યોગ્ય રીતે થાય તે મહત્વનું છે. સનાતન સંસ્કૃતિમાં તો જળને દેવનું રૂપ આપવામાં આવ્યું છે. જળ સમસ્યાઓમાં અછત અથવા દુકાળ, પૂરને કારણે લીલો દુકાળ, પાણીની વહેંચણીમાં થતા વિવાદ, પાણીમાં અશુધ્ધિના કારણે થતા રોગો, વિનાશક ત્સુનામી, જમીનનું ધોવાણ જેવા પ્રશ્નો ઉકેલ માંગી રહ્યા છે. માણસ ભોજન વગર લાંબા સમય સુધી જીવી શકે છે, પરંતુ પાણી વગર બે થી ત્રણ દિવસ પણ જીવવું મુશ્કેલ છે. કચ્છ, મહારાષ્ટ્ર, રાજસ્થાન સહિતનાં અનેક વિસ્તારોમાં ૩૦૦થી વધુ ગામોમાં તળાવ ઊંડા કરવા, ગૌચર નિર્માણ સહિતનાં કાર્યો માટે સમસ્ત મહાજન સેવારત છે. પાણી એ જીવનનો દોર છે વધતું જતું શહેરીકરણ અને પાણીની અછત માટેનું આયોજન હાલમાં વિશ્વભરમાં ચિંતાઓનું કારણ બની રહ્યું છે. જેને ધ્યાનમાં રાખીને દેશ અને રાજયમાં વિવિધ સ્તરે જળ સંચયના કામો હાથ ધરવામાં આવી રહ્યા છે. નદીઓ અને નહેરોને અલગ-અલગ સ્તરે ઉંડા કરીને ભૂગર્ભમાં વધુમાં વધુ પાણી કેવી રીતે પંપ કરી શકાય તેના પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે. વર્તમાન સમયમાં મુંબઈ ખાતે રાષ્ટ્ર સંત પરમ ગુરુદેવ નમ્રમુનિ મહારાજ સાહેબનાં આશીર્વાદથી ‘અર્હમ અનુકંપા’ પ્રોજેક્ટ હેઠળ સુપર સ્પેશીયાલીટી એનીમલ એમ્બ્યુલન્સની શરૂઆત કરવામાં આવી છે. જે અંતર્ગત સેંકડો જીવોને સ્થળ પર જ સારવાર તેમજ અભયદાન પ્રાપ્ત થયું છે અને તેમની જિંદગીઓ પણ બચી છે. સમગ્ર ભારતમાં આ પ્રકારની એમ્બ્યુલન્સ સરકાર તેમજ સમાજ અને સંસ્થાઓનાં માધ્યમથી થાય તે માટે ગિરીશભાઈ શાહ સતત કાર્યશીલ છે. તે છેલ્લા કેટલાક વર્ષોથી ભારત સરકારનાં એનીમલ વેલફેર બોર્ડનાં સભ્ય તરીકે પણ પોતાની સેવા આપી રહ્યા છે. આજે સમસ્ત મહાજનની સેવાભાવી પ્રવૃતિઓ આ વિશ્વને સુંદર બનાવવામાં તેનું યોગદાન આપી રહી છે.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**N O G. S S 163**

વિષય:સાચુંસગપણ
પ્રકાર:ચિંતનરચના પદ્ય
શબ્દ:૮૭

★સાચુંસગપણ..★

ભાર ભાર મતલબ ભરેલા,
સ્વાર્થના સંબંધ બધા..
મતલબની આ દુનિયા મનવા!
પારખ એમાં સાચું સગપણ ..

સ્વાર્થ અને મતલબને કારણ,
ટૂટ્યા સંબંધ પરિવારના..
સહોદરને ઝઘડતા જોયા,
શોધ કર્યું સાચું સગપણ..!

સાપ અને નોળીયા જેમ લઢતા..
અહંકાર માં રાવણ સરખા
લોકેષણામાં એ રાચતા..
ક્યાંથી મળે સાચું સગપણ..!

એટલે જ તો
શ્રી હરિ વસ્યા છે કણ કણમાં,
ઈશ્વરની રચના સમજ ફકીરા..
અહીં જ બધું ભોગવવું પડશે,
બધું છોડી તારે જાવું પડશે..

★માનવ જન્મ મળ્યો છે ફકીરા,★
★કદર એની તું કર ફકીરા..★
★શ્રી હરિ થી જોડ નાતો★
★સાચુંસગપણ સમજ ફકીરા..★

???શ્રીમતી મીનાક્ષી ત્રિવેદી,
'મૌની' વડોદરા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

ર્દ્રર્દ્ર. ૦૦૫૯
વિષય; શબ્દ- સાચુ સગપણ
શીર્ષક; ★કર્મ બંધને સૌ બંધાયા★!
શબ્દો; ૩૪૦.
લેખક:જયકાન્ત ઘેલાણી ★પ્યારે★

સૃષ્ટી ઊપરની તમામ જીવંત
જીવ સૃષ્ટી મા એક માત્ર માનવજ
બુધ્ધિશાળી ! અને વિચારવંત ! ગણાયો છે, પણ.....?.

આપણે આપણાં ખૂદના રોજીદાં જીવનમા નઝર નાખીશું તો આપણને આપણી બુધ્ધી અને વિચાર શકિત ઉપર જ વિચારતા કરી દેશે,ચાલો વિચારવાન મહાપુરુષો !

એક જ માતા-પિતા એ ઉછરેલા, બચપણમા એક બીજા માટેની ન્યોછાવર કરવાના ★સગપણ★ ને ★ઘા મારતાં★ આપણી બુધ્ધી અને વિચાર શક્તિ ક્યા છૂપાયા ?

જે ભૂમી ઉપરથી આપણે પ્રગતિના શિખરો ચડ્યા ,તેજ
માતૃભૂમીના રક્ષણમાટે આપણે શુ યોગદાન આપ્યુ ?

માતૃભૂમી નુ સગપણ કેમ ભૂલાયુ? આપણે ફરજ કેમ ચૂક્યા ?

વિશ્ર્વમાં સૂખી અને સમૃધ્ધ ગણાતા દેશોએ નીજ સ્વાર્થ માટે, વિનાસના શસ્ત્રો નું ઉત્પાદન અને
વેચાણ, ?શુ માનવતાના સાચા સગપણ ને મિટાવી દેવાની ચાલ જ ગણી શકાય ને ?

છોકરોકે છોકરી સગપણ કરતાં પહેલાં કેટલા ખુશ હોયછે અને
થોડા સમય મા વિચ્છેદ ? આ સગપણ સાચું કે ખોટૂ ?

સાચાં સગપણે એટલેકે માતા-પિતા દ્વારા મળેલા આ પંચ તત્વ ના દેહથી જોડાયા પણ તેમાં પણ આજે ઊભરાતા વૃધ્ધાશ્રમોથી તે પણ સાચું સગપણ ખોટું વર્તાયછે, બરાબર ને ?

પ્યારે" આ જગ માં સાચું સગપણ તો કર્મ સાથેનું જ છે,
જે સગપણ ,
★યાવદ્ ચન્દ્ર દિવાકરો★ ની જેમ શાશ્ર્વત અને ચિરકાલ સૂધી બની રહેછે
જુઠી રે કાયા અને જુઠી રે
આ સગપણ ની માયા
પ્યારે'જગમા સાચા સગપણે
તો સર્વેજીવ કર્મબંધને બંધાયા.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

: ર્દ્રજીજી ર્દ્ર ૧૪૯
વિષય સાચુ સગપણ
પ્રકાર ગદ્ય
શબ્દો ૧૮૦
નામ પલ્લવી જોષી.સરિતા
શીર્ષક અનોખો સંબંધ

સગપણ એટલે શું ? સગપણ કોને કહેવાય?તો પહેલી વાત તો સામાન્ય રીતે લોહીની સગાઈને બધાં સગપણ કહે છે.

પણ ખરેખર આજ સંબંધમાં સાચું સગપણ છે એવું નથી.જેમ કે માતાપિતાને સંતાનોનું, ભાઈ ભાઈનું, ભાઈ બહેનનુ, પતિપત્ની,દાદા દાદી આ બધાં સંબંધમાં સાચું સગપણ છે.

એજ રીતે એક અનોખો સંબંધ છે મિત્રતાનો,મિત્ર એટલે દોસ્તીનું બીજું રૂપ,મિત્ર એટલે સુખદુ:ખનો સાથી,મિત્ર એટલે સંકટ સમયની સાંકળ,મિત્ર એટલે બે દિલોને જોડતી કળી.

જીવનમાં ચડતી પડતી તો આવ્યા જ કરે છે પણ એ સમયમાં પડખે આવીને ઊભો રહીને જે એમ કહે ને કે હું છું ને?
સાહેબ એજ સાચો આને અનોખો સંબંધ છે, ને એજ સાચુ સગપણ છે.

જિંદગીની વિડંબણાઓમા ને વમળોમાં ઘેરાયેલા હોય ત્યારે રસ્તો જે બતાવે એ સાચા સગપણ.
જીવનમાં ગમે તેટલા સંબંધો હોય પણ જે સંબંધમાં તમે ખભે માથું ઢાળીને તમારા સુખદુ:ખની વાત કરી આંસુ સારી શકો એજ સાચો સંબંધ,ને એજ સાચુ સગપણ.
"કહી શકો તમે દર્દભરી વાત એ બીજું કોઈ નથી છે એતો સ્વજન આપણું જ કોઈ."

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

ર્દ્રજીજી ર્દ્ર-૧૦૬
વિષય- સગપણ
શીર્ષક-'કોણ કોનું સગું?'
શબ્દ-૨૪૩
નામ- મુક્તિદા કુમાર
"રુપલી"
મુંબઈ- મહારાષ્ટ્ર
oooooooooooooooo

મારી હૂંડી સ્વીકારો મહારાજ રે શામળા ગિરધારી!
મામેરાંમાં સોનાના પત્થરા ભગવાને ભરપાઈ કર્યા!
પત્નીનું મેણું ભાંગવા તાદુલની કોથળી લઈ પોતાના મિત્ર પાસે ઊઘાડા પગે પહોંચેલા સુદામા! રાજમહેલમાંદ્વારિકાધીશની પટરાણી, હાથે બાલસખા સુદામાનું શ્રીકૃષ્ણે કરેલુંપાદપ્રક્ષાલન!
રામને મળવા વરસો સુધી તડપતી, શબરીના ચાખેલાંબોર હોંશે આરોગતા શ્રીરામ!
આપણે કોને સગાં કહેશું? કોને વહાલાં?
ગઈકાલે સાંજે શેઠજી ઝૂલે ઝૂલતાં,સામે મિલ્કતનો પટારો ખોલી શેઠાણીને બતાવતાં, ગણવતા હતા. જો મારી મિલ્કત! અસ્ક્યામત!
એટલામાં દાસી કેસરવાળું કઢેલું દૂધ લાવી! શેઠ દૂધ ઘટઘટાવી ગયા,અર્ધા કલાક પછી ઢોલિયે પોઢ્યા!
સવાર પડતાં, પૂજાપાઠથી પરવારિ,શેઠાણીએ શેઠને જઘાડ્યા.શેઠ તો જાગ્યા જ નહિ!પરપોટા જેવું,
આપણું જીવન,શેઠાણી શેઠથી પચ્ચીસ વરસ નાનાં, શેઠની મિલ્કતનાં માલિક!
થોડા સમયમાં, જુવાન-મુરતિયા સાથે પયણી ગયાં.
આનું નામ જિંદગી! કોણ કોનું સગું? ખબર નથી.સાચું સુખ ક્યાં? ખબર નથી.
મીરાંબાઈએ સરસ ગાયું.
★મારો સગો તો મોહન★
મુખડાંની માયા લાગી રે મોહન પ્યારા..
સંસારીનું સુખકાચું,
પરણું તો પ્રીતમ પ્યારો
અખંડ સૌભાગ્ય મારો,
રંડાવાનો ભે'ટાળ્યો રે..
પરણીને રંડાવું પાછું!
સંસારીનું સુખ એવું
ઝાંઝવાનાં નીર જેવું,
તેને ઘેર શીદ જઈએ.
મીરાં સાચી છે!
સાચાં સગપણની શોધમાં સાત જનમ નીકળી જાશે..
હે મનવા!
આંખ ઊઘાડ..
શોધ.. શોધ..
તું તારા અંતરાત્માને પૂછ,
સાચું સગપણ!
શું?
ભમરડાની જેમ ભૌતિકતા પાછળ ભટક નહિ.
સાચું સગપણ, માનવું હોય તો શામળીયાને તારી જિંદગીની હૂંડી સમર્પણ કરી દે!
સગાં-વહાલાં- ક્ષણિક સંબંધો! ક્ષણભંગૂર.
★શેઠ★ ગુજરી ગયા.. ★મડદાંને★ કેટલાવાગે કાઢી જાશે?
માણસથી મડદાં સુધીનું આપણું સગપણ! પછી..
★નામ ભૂલાઈ જાશે★
★સગપણને કોણ પૂછશે?★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

ર્દ્રજીજી ર્દ્ર:૧૫૩
વિષય: "સાચું સગપણ" શીર્ષક:"હુદય નું સગપણ"
પ્રકાર:પધ્ય. શબ્દો:૧૪૯ લેખકનું નામ: જિતેન્દ્ર શાહ.

મારું સાચું સગપણ છે તું, મારાં હુદય નાં કણકણ માં પણ છે તું, મારાં તન-મન ની રજકણ માં પણ છે તું, મારી જુવાની માં ખિલેલ બાળપણ માં પણ છે તું, મારાં જુવાની પછી આવનાર ઘડપણ માં પણ છે તું, મારાં લોહી માં શ્વેતકણ પણ છે તું અને રક્તકણ પણ છે તું. મારાં જીવન માં સરસ પણ છે તું,મારાં જીવન ની તરસ પણ છે તું. મારી જિંદગી નું ખ્વાબ પણ છે તું,જીવવાં ની હકીકત પણ છે તું. મારાં હુદય નો શ્વાસ પણ છે તું,ઉચ્છવાસ પણ છે તું. મારાં હૈયાં નો હાર પણ છે તું,મારાં જીવન ની બહાર પણ છે તું. મારી જિંદગી નું સપનું પણ છે તું,મારી બંદગી નું અપનું પણ છે તું. મારી જિંદગી ની ગાડી ની સડક પણ છે તું,મને ફ્રેશ રાખનાર ચાહ કડક પણ છે તું.

# સપ્તાહ દરમિયાન સોનાના વાયદાના ભાવમાં રૂ.૧,૪૮૭ અને ચાંદીમાં રૂ.૩,૩૩૬નો ઉછાળો: બિનલોહ ધાતુઓ એકંદરે નરમ

**ડેઈલી માર્કેટ રિપોર્ટ**
**નૈમિષ ત્રિવેદી**

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ૨૪થી ૩૦ નવેમ્બર સુધીના સપ્તાહ દરમિયાન ૪૯,૮૨,૪૮૪ સોદાઓમાં કુલ રૂ.૪,૨૯,૮૯૫.૪૩ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૯૪,૦૬૭.૩૪ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૩,૩૫,૭૪૬ કરોડનો હતો.

સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૭,૮૩,૬૫૧ સોદાઓમાં રૂ.૬૫,૪૦૧.૪૮ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે ૧૦ ગ્રામદીઠ રૂ.૬૧,૦૭૨ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬૨,૬૭૫ અને નીચામાં રૂ.૬૧,૦૫૬ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૧,૪૮૭ વધી રૂ.૬૨,૫૫૯ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની નવેમ્બર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧,૩૬૭ વધી રૂ.૫૦,૫૧૭ અને ગોલ્ડ-પેટલ નવેમ્બર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧૪૯ વધી રૂ.૬,૧૫૮ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧,૫૪૬ વધી રૂ.૬૨,૬૩૯ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે ૧ કિલોદીઠ રૂ.૭૨,૮૯૯ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૭૬,૭૮૪ અને નીચામાં રૂ.૭૨,૬૨૭ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૩,૩૩૬ વધી રૂ.૭૬,૨૩૪ ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૨,૮૮૩ વધી રૂ.૭૫,૭૩૧ અને ચાંદી-માઈક્રો નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૨,૩૦૬ વધી રૂ.૭૫,૧૩૬ બંધ થયો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે સપ્તાહ દરમિયાન ૫૧,૪૨૩ સોદાઓમાં રૂ.૫,૬૫૭.૩૭ કરોડના વેપાર થયા હતા. તાંબુ નવેમ્બર વાયદો રૂ.૭૧૪.૬૫ના ભાવે ખૂલી, રૂ.૦.૪૫ ઘટી રૂ.૭૧૩.૪૦ જ્યારે એલ્યુમિનિયમ નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૨.૭૫ ઘટી રૂ.૨૦૦.૧૫ તેમ જ સીસું નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૪.૨૦ ઘટી રૂ.૧૮૩ના ભાવ થયા હતા. જસત નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૧.૮૦ ઘટી રૂ.૨૨૩ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની નવેમ્બર વાયદો ૧ કિલોદીઠ રૂ.૨.૮૦ ઘટી રૂ.૨૦૦.૦૫ સીસુ-મિની નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૬.૬૫ ઘટી રૂ.૧૮૦.૦૦ જસત-મિની નવેમ્બર વાયદો રૂ.૦.૪૦ ઘટી રૂ.૨૨૪.૭૦ બંધ થયો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન ૫,૯૫,૮૭૦ સોદાઓમાં રૂ.૨૨,૯૨૭.૬૨ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ડિસેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે ૧ બેરલદીઠ રૂ.૬,૩૮૨ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬,૬૪૪ અને નીચામાં રૂ.૬,૧૫૬ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૩૩ વધી રૂ.૬,૪૦૭ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની ડિસેમ્બર વાયદો રૂ.૨૯ વધી રૂ.૬,૪૧૧ બંધ થયો હતો. નેચરલ ગેસ ડિસેમ્બર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૫૭ના ભાવે ખૂલી, રૂ.૨૧.૪૦ ઘટી રૂ.૨૩૪.૯૦ અને નેચરલ ગેસ-મિની ડિસેમ્બર વાયદો ૨૧.૫ ઘટી ૨૩૫.૨ બંધ થયો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે સપ્તાહ દરમિયાન રૂ.૮૦.૮૭ કરોડનાં કામકાજ થયા હતા. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલો દીઠ રૂ.૧,૫૭૮ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૧,૫૭૮ અને નીચામાં રૂ.૧,૫૭૮ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૪૦ વધી રૂ.૧,૫૭૮ થયો હતો. કોટન ખાંડી નવેમ્બર વાયદો સપ્તાહના પ્રારંભે ૧ ખાંડીદીઠ રૂ.૫૬,૦૦૦ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૭,૩૮૦ અને નીચામાં રૂ.૫૫,૦૦૦ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૨૨૦ ઘટી રૂ.૫૬,૫૨૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ નવેમ્બર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨૦.૭૦ વધી રૂ.૯૨૫.૦૦ બોલાયો હતો.

કામકાજની દૃષ્ટિએ સપ્તાહ દરમિયાન એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨૪,૫૯૫.૯૫ કરોડનાં ૩૯,૬૩૧.૧૩૩ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૪૦,૮૦૫.૫૩ કરોડનાં ૫,૩૭૧.૩૮૯ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૯,૬૧૦.૮૮ કરોડનાં ૧૪,૯૬૧,૦૦૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૧૩,૩૧૬.૭૪ કરોડનાં ૫૫૧,૭૯૬,૭૫૦ એમએમબીટીયૂ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૭૨૭.૯૩ કરોડનાં ૩૫,૮૩૩ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૨૨૫.૭૬ કરોડનાં ૧૨,૦૬૨ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૨,૮૬૮.૫૮ કરોડનાં ૩૯,૮૫૩ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૧,૮૩૫.૧૦ કરોડનાં ૮૧,૧૬૫ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૪૭.૩૭ કરોડનાં ૮,૩૫૨ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૩૩.૪૭ કરોડનાં ૩૬૧.૪૪ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર સપ્તાહના અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૯,૧૮૧.૧૪૨ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૧,૦૮૦.૦૮૩ ટન, તાંબાના વાયદાઓમાં ૧૪,૨૭૭.૫૦૦ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૨૨,૧૪૮ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૩,૧૦૫ ટન તથા જસત અને જસત-મિનીમાં ૨૩,૨૨૪ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૧,૨૨૬,૦૬૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૭૧,૯૩૪,૦૦૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૮,૦૬૪ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૫૨૧.૬૪ ટનના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, સપ્તાહ દરમિયાન એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૮૧.૨૪ કરોડનાં ૯૯૫ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૩૧૨ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ ડિસેમ્બર વાયદો ૧૬,૧૩૯ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૬,૬૨૦ અને નીચામાં ૧૬,૧૦૦ બોલાઈ, ૫૨૦ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૩૬૦ પોઈન્ટ વધી ૧૬,૪૬૪ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો. ઓપ્શન્સની વાત કરીએ તો, સપ્તાહ દરમિયાન કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૩૩૫૭૪૬.૮૫ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૬૨૧૩.૫૭ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૦૧૫૪.૮૬ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૭૬૯૦૬.૭૧ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩૨૪૧૬.૭૯ કરોડનાં કામકાજ થયાં હતાં.

# ડેવલોપર દ્વારા પણ ટેન્ડર નિયમો મુજબની કાર્યવાહી સમયસર થાય તેનું ધ્યાન રાખવું જોઈએ

રિડેવલપમેન્ટ પ્રોજેક્ટમાં હયાત સભ્યોની લાગણી અને ભય બંને જોડાયેલા હોય છે. માટે રિડેવલપમેન્ટ બાબતે સરકારી કચેરીઓ જેવી કે ગુજરાત હાઉસિંગ બોર્ડ, સ્થાનિક કોર્પોરેશન, રેગ્યુલેટરી ઓથોરિટી નો સમયે સમયે કામગીરી આવે છે. તો આ દરેક કચેરીએ રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ માં સ્પેશિયલ ધ્યાન આપવું જોઈએ અને નિયત સમયમર્યાદામાં કામ ઝડપથી પૂર્ણ થાય તેવી ગોઠવણ કરવી જોઈએ. હાઉસિંગ બોર્ડ દ્વારા ટેન્ડર પ્રકાશન થી લઈ પ્રોજેક્ટ પૂરો થાય અને હયાત સભ્યોના નવીન મકાનના દસ્તાવેજ થાય ત્યાં સુધીની સમગ્ર કામગીરી પ્રક્રિયા માટે ની સમય મર્યાદા નક્કી કરવામાં આવે અને તે મુજબ પ્રોગ્રેસિવ વર્ક, રિપોર્ટના સંકલન અને આંકલન કરતા રહેવું જોઈએ. તે માટે જરૂરી કડક પગલાં સરકારી કચેરીના અધિકારીઓ દ્વારા નિ:સ્વાર્થ ભાવે પ્રજહિતમાં સકારાત્મક અભિગમ સાથે સમયસર કરવા જોઈયે. ડેવલોપર દ્વારા પણ ટેન્ડર નિયમો મુજબની કાર્યવાહી સમયસર થાય તેનું ધ્યાન રાખવું જોઈએ. કેટલાક કેસમાં ભૂતકાળના અનુભવો રહ્યા છે કામ ઝડપી અમુક મહિનાઓમાં થયા છે તો કેટલાક આવાજ કેસોમાં કામ ગોકળ ગતી એ પણ વર્ષો સુધી થયાં નથી. તો આના કારણો શોધી નિરાકરણ લાવવું જોઈએ. દરેક કામો માટેના પેપર વર્ક અને રેડી રેકનર બનાવી રાખવા જોઈએ. સોસાયટી એસોસિયેશન દ્વારા રિડેવલપમેન્ટમાં જવા માટેની પ્રક્રિયા વિશેની સંપૂર્ણ માહિતી મેળવી સોસાયટીના દરેક સભ્ય અને ઘર સુધી તેને પહોંચાડવી જોઈયે. રિડેવલપમેન્ટથી હયાત સભ્યો ને જે લાભાલાભ છે તેની વિગતવાર સમજણ આપવી જોઈએ. જે સોસાયટી રિડેવલપમેન્ટ માં ગયેલ છે ત્યાંના અનુભવો તથા રિડેવલપમેન્ટ બાદ તૈયાર સોસાયટીની મુલાકાત ગોઠવવી જોઈયે. આવી સોસાયટીના રહીશો અને હોદ્દેદારોના અનુભવો જાણવા અને જણાવવા જોઈએ. દરેક પક્ષે સમયે સમયે પોતપોતાની જવાબદારી અચૂકપણે નિભાવવી જોઈયે અને બહુમત હિતમાં જે જરૂરી અને યોગ્ય હોય તેવા નરમ ગરમ પગલાં પણ ભરવા જોઈયે.

**રિડેવલપમેન્ટ અને સામાજિક વ્યવસ્થા ચેલેન્જે**

રિડેવલપમેન્ટથી સોસાયટી અને ત્યાંના રહેવાસીઓ નો વિકાસ થશે સામાજિક સ્તર પણ સુધરશે તેને નકારી શકાય નહિ.ઉપરોક્ત વાત સાથે એ પણ પુરોગામી ચેલેન્જ જે આવશે તેને પણ નકારી શકાય નહિ. રિડેવલપમેન્ટ થી જે તે વિસ્તાર માં રહેણાંક મકાનો અને કોમર્શિયલ એકમો વધશે જેને કારણે ત્યાં વસ્તી પ્રમાણ પણ વધશે. વસ્તી વધતા તેને જરૂરિયાતના સંશાધનો પણ જોઈએ. પબ્લિક અને પ્રાઈવેટ લેવલે અનેક સુવિધાઓ જોઈશે જેવા કે શાળાઓ, કોલેજો, પોલીસ સ્ટેશન, મોટી ગટર લાઈન, વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા, પીવાના પાણીની વ્યવસ્થા, ટ્રાફિક અને મોટા રોડ રસ્તા, ટ્રાન્સપોર્ટ વ્યવસ્થા, પાર્કિંગ, બાગ બગીચા, જાહેર શૌચાલયો, અખાડા, રમતગમતના મેદાનો, સતત વીજળી, દવાખાના અને હોસ્પિટલો, સરકારી વ્યવસ્થાની કચેરીઓ, ન્યાય વ્યવસ્થા માટે કોર્ટ કચેરી, શાક માર્કેટ અને અનાજ બજાર વગેરે વગેરે સાથે પર્યાવરણની જાળવણી.

જો કે આ બધું સ્થાનિક મ્યુનિસિપલ કોર્પોરેશનનો વિષય છે પણ પબ્લિક જરૂરિયાત માટે આ બધાનો વિકાસ પણ સાથે સાથે થવો જરૂરી છે.

જો આવી સલંગન સુવિધાઓને નજરઅંદાઝ કરવામાં આવે તો રિડેવલોપમેન્ટની સફળતા આનંદમય કરતા તકલીફ રૂપ વધુ થઈ શકે છે.



આઈપીએસ અધિકારી રાજન સુસરા ના ધર્મપત્ની સાલુબેંને થલતેજ શાંગ્રીલા બંગલોઝ તેમના નિવાસ સ્થાને કોઈક કારણોસર આત્મહત્યા કરી.આઈપીએસ રાજન સુસરા વલસાડ મરીન સિક્યુરિટી માં એસ.પી તરીકે ફરજ બજાવે છે.આ કેસ મા રાજન સુસરા નીનોન પૂછ પરછ થઈ શકે.મૃત્યુ નું કારણ હજુ અકબંધ.આ લખાઈ રહ્યું છે ત્યારે સાલું બેન ની લાશ ને પોસ્ટમોર્ટમ માટે લઈ જવાઈ ના સમાચાર છે .પોલીસ બેડા માં હડકંપ મચી ગયો.

# ઉદ્યોગ મંત્રી, શ્રી બળવંતસિંહ રાજપૂતની ૩ દિવસીય મલેશિયા મુલાકાત પૂર્ણ




ઉદ્યોગ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂત ગુજરાત અને મલેશિયા વચ્ચે આર્થિક અને સાંસ્કૃતિક સહયોગની તકોને એક્સપ્લોર કરવા અને આગામી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૪માં આમંત્રિત કરવા માટે મલેશિયાની ૩ દિવસની મુલાકાતે હતા.મુલાકાત દરમિયાન મંત્રીશ્રીએ મલેશિયા સરકારના રોકાણ, વેપાર અને ઉદ્યોગના માનનીય નાયબમંત્રી ૐ.ઈ શ્રી લિવ ચિન ટોંગ સાથે બેઠક કરી, જેમાં બંને દેશો વચ્ચે સહકારના સંભવિત ક્ષેત્રો વિશે વાત કરવામાં આવી. વધુમાં, તેમણે મલેશિયામાં ભારતીય હાઈ કમિશનર ૐ.ઈ. શ્રી બી.એન. રેડ્ડી સાથે મુલાકાત કરી. તેમણે કુઆલાલંપુર વિશેના તેમના અનુભવો શેર કર્યા. મુલાકાત દરમિયાન માનનીય મંત્રીશ્રીએ બંને દેશો વચ્ચેના આર્થિક સંબંધોને પ્રોત્સાહન આપવા વિશે ચર્ચા કરી અને આગામી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૪માં ભાગ લેવાનું આમંત્રણ પણ આપ્યું હતું.

મંત્રીશ્રીએ પામ ઓઈલ પ્લાન્ટેશન અને રિફાઈનિંગની સંસ્થાઓના વડાઓ અને વિવિધ કંપનીઓના વરિષ્ઠ પ્રતિનિધિઓ સાથે પણ બેઠકો યોજી હતી. આ બેઠકો દરમિયાન, તેમણે પામના વાવેતર અને સંશોધન અને વિકાસ માટે ગુજરાતમાં વિવિધ તકો પર પ્રકાશ પાડ્યો હતો અને ગુજરાત અને મલેશિયા વચ્ચે પામ ઓઈલ સેક્ટરની વિવિધ તકો પર ચર્ચા કરી હતી.

મુલાકાતના છેલ્લા દિવસે, મંત્રી શ્રી બળવંતસિંહ રાજપૂતે મલેશિયાના પેનાંગમાં માઈક્રોનની વર્લ્ડ ક્લાસ સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ ફેસિલિટીની મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન, માઈક્રોનની ટીમે ગુજરાતના સાણંદમાં ભારતની સૌપ્રથમ સેમિકન્ડક્ટર સુવિધાની વિગતો શેર કરી અને આ ક્ષેત્રની અદ્યતન ટેક્નોલોજીઓનું પ્રદર્શન કર્યું જે તેઓ ભારતમાં લોન્ચ કરવા ઈચ્છે છે.

# પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલના ગુજરાતીઓની સેવા-સાધના માટેના કોંગ્રેસ પક્ષના સેવા યજ્ઞમાં જોડાવા માટેના આહવાનને બહોળો પ્રતિસાદ



ગુજરાતમાં ભાજપના શાસનમાં લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. યુવાનોને રોજગારી નથી, ખેડૂતો માટે એનપીકે, ડીએપી, યુરિયા ખાતર નથી, શિક્ષણ ખૂબ મોંઘુ થયું છે, મોંઘવારી આસમાને છે, દરેક જગ્યાએ પુષ્કળ ભ્રષ્ટાચાર છે, માટે ગુજરાતના હિતમાં સત્તા પરિવર્તન જરૂરી છે. કોંગ્રેસ પક્ષ સકારાત્મક એજન્ડા સાથે આજે આગળ વધી રહેલ છે ત્યારે જનહિતમાં અમદાવાદ શહેર, પંચમહાલ જિલ્લામાંથી મોટી સંખ્યામાં આગેવાન-કાર્યકર ભાઈ-બહેનો આજે કોંગ્રેસ પક્ષમાં જોડાયા હતા અને પ્રદેશ કોંગ્રેસ પ્રમુખશ્રી શક્તિસિંહ ગોહિલના હસ્તે કોંગ્રેસ પક્ષનું સભ્યપદ ગ્રહણ કરેલ.ગુજરાતીઓની સેવા-સાધના માટેના કોંગ્રેસ પક્ષના સેવા યજ્ઞમાં જોડાવા પ્રદેશ પ્રમુખ તરીકે શ્રી શક્તિસિંહ ગોહિલે કરેલ આહવાનને બહોળો પ્રતિસાદ મળેલ છે. રાજકીય અને બિનરાજકીય અનેક આગેવાન-કાર્યકર્તાઓ અવિરત રીતે કોંગ્રેસમાં જોડાયા છે.

અમદાવાદ શહેરમાંથી શ્રી કલ્યાણસિંહ ચંપાવત, પંચમહાલ જિલ્લામાંથી શ્રી ધર્મેન્દ્ર પરમાર સહિત મોટી સંખ્યામાં આગેવાન-કાર્યકરો આજરોજ રાજીવ ગાંધી ભવન ખાતે કોંગ્રેસ પક્ષના પ્રદેશ અધ્યક્ષ શ્રી શક્તિસિંહજી ગોહિલના હસ્તે કોંગ્રેસ પક્ષનો ખેસ પહેરીને વિધિવત રીતે કોંગ્રેસ પક્ષમાં જોડાયા હતા, તેમને પક્ષમાં આવકાર આપીને આગામી દિવસોમાં કોંગ્રેસ પક્ષમાં મજબુત રીતે કામ કરીને ગુજરાતીઓની સેવા-સાધના માટેના કોંગ્રેસ પક્ષના સેવા યજ્ઞમાં યોગદાન આપશે તેવી આશા વ્યક્ત કરી છે. આ પ્રસંગે ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના નેતાશ્રી અમીતભાઈ ચાવડા, હાથ સે હાથ જોડોના કન્વીનર શ્રી ઈન્દ્રનીલ રાજગુરુ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા અને મીડીયા કન્વીનર ડો. મનીશ દોશી સહિતના આગેવાનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# મીડિયા ઓળખાણ આપનાર ખંડણીખોર મુદ્દે ડિવાયએસપી સંબોધી પત્રકાર પરિષદ..

ગાડી ઉપર પ્રેસ લખેલું હોય એટલે પોલીસ સામે પણ પાવર કરી શકાય બસ આ હેતુથી ભરૂચ જિલ્લામાં છેલ્લા ઘણા સમયથી પત્રકારોની સંખ્યા દિવસેને દિવસે વધી રહી છે અને પત્રકારોની છબી ખડાઈ તેવા અનેકૃતિઓના ઓડિયો વીડિયો સતત વાયરલ થઈ રહ્યા છે આવો જ એક કિસ્સામાં અંકલેશ્વરમાં લોકલ ચેનલ ચલાવનાર વાસુ પરમારના ઓડિયો અને વિડીયો વાયરલ થયા બાદ તેની સામે ખડણી અને પોલીસને ખોટી માહિતી આપવા બદલ ગુનો દાખલ કરવામાં આવતા પત્રકાર આલમમાં પણ કુતુહલ સર્જાઈ ગયા છે

અંકલેશ્વર પંથકમાં સત્યા ટીવીના નામે પ્રેસ કાર્ડ આપી અધિકારીઓને દબાવા માટેનું કૃત્ય કરનાર વાસુ પરમાર આખરે ખંડણીના ગુનામાં આવી ગયો છે



**સુપ્રીમ કોર્ટના ગાઈડલાઈન મુજબ તેને નોટિસ ફટકારી છે હાજર નહીં થાય તો કાર્યવાહી થશે :- ડિવાયએસપી ચિરાગ દેસાઈ**

**આરોપી વાસુ પરમાર સામે ખંડણીના ઓડિયો અને પોલીસને ખોટી માહિતી આપવા બદલ આકાશ મોદીએ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે**

**ભરૂચ જિલ્લામાં પત્રકારની આડમાં કરોડપતિ બનવાનું સપનું જોડાણ કાયદાની ઘૂચમાં ફસાયો..**

પાનોલીની એક આરએસપીએલ કંપનીના ડેપ્યુટી મેનેજર ને છેલ્લા ઘણા સમયથી વાસુ પરમાર ફોન કરી રૂપિયાની ઉઘરાણી કરી રહ્યો હતો એટલું જ નહી તેના ઓફિસમાં કલર એસી ફર્નિચર સહિત વિવિધ સામગ્રીઓ કરી આપવા અને એટલું જ નહીં કોરોનામાં તેની ઓફિસના કર્મીઓને પગાર ચૂકવી આપવા સુધીની ટોચિંગ કરવામાં આવી હતી. પરંતુ આખરે વાસુ પરમાર ના વર્ષમાં કંપનીના ડેપ્યુટી મેનેજર ન આવતા કંપનીને વારંવાર મીડિયાના માધ્યમથી દબડાવી ધમકાવી ખોટા ખરા સમાચાર બતાવી વારંવાર રૂપિયાની માંગણી કરતા હોવાના આક્ષેપો છેલ્લા ત્રણ મહિનાથી ચાલી રહ્યા હતા અને કેટલાક ઓડિયો તો કંપની સત્તાધીશોએ વાયરલ પણ કર્યા છે.

સમગ્ર ઘટનામાં વાસુ પરમારે પણ કંપની પાસેથી મોટી રકમ વસૂલવા માટે કંપનીના કામધેનુ એસ્ટેટમાં પહોંચી ટેન્કર અને ગેરકાયદેસર રોકી ડ્રાઈવરને ધાક ધમકી આપી ડોક્યુમેન્ટની માંગણી કરી હતી અને ડ્રાઈવર આ બાબતે કંપનીના ડેપ્યુટી મેનેજર આકાશ મોદીને જાણ કરી હતી જેના કારણે તેઓ પણ પોતાનો મોબાઈલ ચાલુ રાખી ઘટના સ્થળે પહોંચ્યા હતા અને કહેવાતા મીડિયા કરમી વાસુ પરમાર કે જેને કોઈપણ ટેન્કરને રોકવાનો અધિકાર નથી અને કોઈપણ ડોક્યુમેન્ટ માંગવાનો અધિકાર ન હોવા છતાં કંપનીને બદનામ કરવા અને રૂપિયા તોડવા માટે અને રોફ જાડવા માટે પોલીસની હાજરીમાં જ કંપનીના સત્તાધીશોને ગાળો ભાંગી રહ્યો હોવાનું વિડિયો વાયરલ થયો હતો. પોલીસને પણ વાસુ પરમારે ખોટી માહિતી આપી પોલીસને દોડાવી હોવાના આક્ષેપમાં આખરે સમગ્ર પ્રકરણમાં પોલીસે વાસુ પરમાર સામે ખંડણીનો ગુનો દાખલ કર્યો છે પોલીસે પણ આરોપી વાસુ પરમારને પોલીસ મથકે બોલાવ્યો હતો અને તેનો જવાબ એટલે કે નિવેદન લેવામાં આવ્યું હતું અને હાલ સુપ્રીમ કોર્ટની ગાઈડલાઈન મુજબ ૭ વર્ષની નીચેની સજાની જોગવાઈ હોય તો તેને નોટિસ આપી પોલીસ કે હાજર થવા માટેનું આહવાન કરાયું હતું. ૨૪ કલાક બાદ જો વાસુ પરમાર હાજર નહી થાય તો પોલીસ તેની ધરપકડ કરશે કે પછી વાસુ પરમાર આગોતરા જામીન મેળવવાના પ્રયાસો કરશે તે વાતો હાલ લોકોમાં ચર્ચા નું કેન્દ્ર બન્યો છે પરંતુ સમગ્ર પ્રકરણમાં પોલીસની કામગીરી સામે પણ સવાલો ઉભા થઈ ગયા છે કારણ કે ૬ મહિના અગાઉ જીઆઇડીસી વિસ્તારમાં આવા જ સામાન્ય ખંડણીના ગુનામાં ચાર લોકોને તાત્કાલિક ઝડપી પાડી કોઈપણ નોટિસ વિના તેમને બે રાત સુધી જેલમાં પૂરી રાખ્યા હતા અને કોઈ પણ જાતના પુરાવા ન હોવા છતાં ચાર લોકોના ફોટા સાથેના વાયરલ મેસેજ જીઆઇડીસી પોલીસે કર્યા હતા. જેને લઇ તાજેતરમાં વાસુ પરમાર ને અંકલેશ્વરની પોલીસ કેમ છાવરી રહી છે તેવા સવાલો ઊભા થયા છે પરંતુ અગાઉ ચાર પત્રકારો સામે પોલીસે કરેલી કામગીરી આવનાર સમયમાં પોલીસ કર્મીઓ સામે માનહાની પણ થાય તેવા એંધાણો પણ વળતાઈ રહ્યા છે.

**શું આરએસપીએલ કંપની વાસુ પરમાર સામે કંપનીને બદનામ કરવા મુદ્દે દાવો કરશે ખરી..?**

આરએસપીએલ કંપનીના ડેપ્યુટી મેનેજર આકાશ મોદીને જાહેરમાં જ વાસુ પરમારે ગાળો ભાંડીઓ હોવાનો વિડીયો વાયરલ થયો છે અને વાસુ પરમારે પોતાની કહેવાથી ચેનલમાં આરએસપીએલ કંપનીનું છેલ્લા ઘણા સમયથી સતત ખોટા ખરા સમાચારો પ્રસિદ્ધ કર્યા છે તો આ મુદ્દે કંપનીને પણ નુકસાન થવા સાથે ડેપ્યુટી મેનેજરની માનહાની થઈ હોય તો કંપની સત્તાધીશો દ્વારા વાસુ પરમાર સામે માનહાનિનો દાવો કરશે ખરી તે પણ લોકોમાં ચર્ચાનું કેન્દ્ર બન્યું છે.

**શું વાસુ પરમાર પાસે સત્યા ટીવીનું લાયસન્સ નહીં મળી આવે તો પોલીસ ખોટી ઓળખ બાબતે ગુનો દાખલ કરશે..**

કેબલ કનેક્શનમાં સત્ય ટીવી ચેનલ ચલાવવા મુદ્દે વાસુ પરમાર પાસેથી લાયસન્સ ન મળી આવે તો તેની સામે ખોટી ઓળખ આપવી અનેપ્રેસકાર્ડમુદ્દેગુનોદાખલ કરવામાંઆવશેખરો..? અનેપોલીસ ફરિયાદી ન બને અને આ બાબતે હકીકત કોઈ જાગૃત નાગરિકને થાય તો તે ફરિયાદ કરવા ઈચ્છે તો પોલીસ ફરિયાદ લઈ શકશે ખરી તેવો ગણ ગણાટ પણ જોવા મળી રહ્યો છે.

રિપોર્ટરભરૂચ,ભરત મિસ્ત્રી



રણછોડ મહિલા મંડળ અંબાજી મંદિર ચાંદની ફલેટસ નારણપુરા, સોલારોડ મંડળ ની બહેનો ને ડાકોર રણછોડરાયના દર્શન તેમજ મુંબઈના ગીતાબેન છડડા પરિવાર સાથે બહુચરાજી દર્શન અને લાડુથી માતાજી નો ગોખ ભરવા માટેના ધાર્મિક પ્રવાસનું આયોજન કર્યું હતુ

# હરિદ્વારમાં માં ગંગાના કિનારે સર્વ પિતૃ મોક્ષાર્થે શ્રીમદ ભાગવત કથાનું આયોજન કરાયું



હરિદ્વારમાં આવેલ મા ગંગાના કિનારે સર્વ પિતૃ મોક્ષાથી ભાગવત કથાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં ભક્તો દ્વારા કથાનું રસપાન લઈ ધન્યતા અનુભવી રહ્યા છે જ્યારે ચાણસ્માથી ભારતીય જનતા પાર્ટીના મહામંત્રી કિરણભાઈ જાની તેમજ બ્રિજેશભાઈ પ્રજાપતિ દ્વારા પણ સહ પરિવાર સાથે કથા નો લ્હાવો લઈ કથાકાર શ્રી ભવાનીશંકરશાસ્ત્રી નું સન્માન કરવામાં આવ્યું હતું

હરિદ્વારમાં આવેલ ગંગા કિનારે તારીખ ૨૯-૧૧ થી ૫-૧૨ સુધી ચાલી રહેલી સર્વ પિતૃ મોક્ષાર્થે કથામાં દરરોજના ૩૦૦ સૌથી વધારે ભક્તો કથાનો લહાવો લઈ રહ્યા છે ત્યારે કથાકાર શ્રી ભવાનીશંકરશાસ્ત્રી (રામગઢ વાળા) દ્વારા કથાનું રસપાન કરાવી રહ્યા છે

નિખિલ જોષી : પાટણ જિલ્લા બ્યુરોચીફ

# પાલનપુર માહિતી કચેરીના શ્રી રેસુંગ ચૌહાણને આસી. ડાયરેક્ટર તરીકે પ્રમોશન મળતા શુભેચ્છા સમારોહ યોજાયો

બનાસકાંઠા જિલ્લા માહિતી કચેરી પાલનપુરના સિનિયર સબ એડીટર તથા માહિતી અને પ્રદર્શન કેન્દ્ર અંબાજીના ઇન્ચાર્જ વ્યવસ્થાપક તરીકે ફરજ બજાવતાં શ્રી રેસુંગ ચૌહાણને આસીસ્ટન્ટ ડાયરેક્ટર તરીકે અમદાવાદ ખાતે પ્રમોશન મળતાં પાલનપુર ખાતે આવેલ હોટલ અલાઈવ પાર્ટી પ્લોટમાં પૂર્વ કેન્દ્રીય ગૃહ રાજય મંત્રીશ્રી હરિભાઈ ચૌધરી, પ્રદેશ બક્ષીપંચ મોરચાના મંત્રીશ્રી પી. એન. માળી, માહિતી ખાતાના વરિષ્ઠ અધિકારીઓ શ્રી હિમાંશુ ઉપાધ્યાય, શ્રી જયેશ દવે અને શ્રી અમિત ગઢવી સહિત જિલ્લાના પત્રકારશ્રીઓની ઉપસ્થિતિમાં શુભેચ્છા સમારોહ યોજાયો હતો. જેમાં ઉપસ્થિત મહાનુભાવો સહિત માહિતી ખાતાના અધિકારીઓ અને કર્મચારીઓ, પ્રિન્ટ અને ઇલેકટ્રોનિક્સ મીડિયાના પત્રકારશ્રીઓએ તેમનું શાલ અને પુષ્પગુચ્છથી સન્માન કરી મોમેન્ટો અર્પણ કર્યા હતા. મીડિયાના મિત્રો, માહિતી પરિવાર અને તેમના મિત્રોએ શુભેચ્છાઓનો વરસાદ વરસાવ્યો હતો.

આ પ્રસંગે જિલ્લા માહિતી કચેરી પાલનપુર દ્વારા નિર્મિત રેશુંગભાઈ ચૌહાણની તેર વર્ષની ફરજ અને કર્તવ્યને બિરદાવતી ડોક્યુમેન્ટ્રી ફિલ્મ્સ પણ પ્રદર્શિત કરાઈ હતી.




આ પ્રસંગે પૂર્વ કેન્દ્રીય ગૃહ રાજય મંત્રીશ્રી હરિભાઈ ચૌધરીએ શ્રી રેસુંગ ચૌહાણને ઉજ્જવળ કારકિર્દીની શુભેચ્છા પાઠવી તેમણે બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા તેર વર્ષ દરમિયાન કરેલ કામગીરીને બિરદાવી હતી. તેમણે કહ્યું કે સરકારશ્રીની કલ્યાણકારી યોજનાઓને છેવાડાના વિસ્તારમાં રહેતા લોકો સુધી પહોંચાડવામાં શ્રી ચૌહાણએ મીડિયાના માધ્યમ થકી ખુબ અસરકારક કામગીરી કરી હોવાનું જણાવી તેમના મિલનસાર સરળ સ્વભાવની પ્રશંસા કરી હતી.

ગુજરાત પ્રદેશ બક્ષીપંચ મોરચાના મંત્રીશ્રી પી. એન. માળીએ રેસુંગ ચૌહાણને શુભેચ્છા પાઠવતા જણાવ્યું કે બનાસકાંઠા જિલ્લામાં વર્ષ-૨૦૧૫ અને ૨૦૧૭ માં આવેલા ભયાનક પૂર સમયે તથા કોરોનાકાળમાં પણ શ્રી ચૌહાણે જિલ્લા વહીવટી તંત્ર અને મિડીયા સાથે સારું સંકલન કેળવી ખુબ ઉમદા કામગીરી કરી છે એમના સાથ અને સહકાર થકી લોકો સુધી પહોંચવામાં અમને પણ સરળતા રહી છે.

આ પ્રસંગે નાયબ માહિતી નિયામકશ્રી અમિત ગઢવીએ સ્વાગત પ્રવચનમાં શ્રી રેસુંગ ચૌહાણની ઓફિસમાં કામ કરવાની આગવી કુનેહ અને મિલનસાર સ્વભાવની પ્રશંસા કરી હતી. શ્રી ચૌહાણે સરકારી સેવા દરમ્યાન સાથી કર્મચારીઓ, વહીવટી તંત્રના અધિકારીઓ અને કર્મચારીઓ તથા મિડીયાના મિત્રો સાથે સારુ સંકલન કેળવી આદરભર્યુ સ્થાન મેળવ્યું છે.

# કથિત આયુર્વેદિક સિરપના સેવન સામે સાવચેતી રાખવા ડાંગ પોલીસની પ્રજાજનોને અપીલ

તાજેતરમાં રાજ્યના ખેડા જિલ્લાનાં બે ગામમાં લગભગ ૫૦ જેટલી વ્યક્તિઓએ કથિત આયુર્વેદિક સિરપ પીધા બાદ, તે પાકી છ લોકોનાં મોત થવાની ઘટના બનવા પામી હતી. શ્વાસને લગતાં રોગો માટે વપરાતા આયુર્વેદિક સિરપનો ઉપયોગ નશા માટે થયો હોય અથવા એ સિરપમાં ભેળસેળ થઈ હોવાનું પોલીસનું પ્રાથમિક તારણ છે. ત્યારે આવી ઘટનાનો શિકાર ડાંગ જિલ્લાની કોઈ પણ વ્યક્તિ ન બને તે માટે, જિલ્લા પોલીસ તંત્ર દ્વારા આવા પ્રકારના સિરપનુ કોઈ પણ ઠેકાણે વેચાણ થતુ હોય તો તાત્કાલિક નજીકના પોલીસ સ્ટેશન, કે જિલ્લાના કન્ટ્રોલ રૂમ નંબર : ૦૨૬૩૧-૨૨૦૬૫૮ અથવા પોલીસ ઈમરજન્સી નંબર ૧૦૦, મહિલા સહાય નંબર ૧૮૧, તેમજ સાયબર ક્રાઈમ હેલ્પલાઈમ નંબર ૧૯૩૦ ઉપર સંપર્ક સાધવા જાહેર જનતાને અપીલ કરવામા આવી છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.